# વડગામના છનિયાણા ગામમાં લોખંડી સુરક્ષા વચ્ચે પુનઃ મતદાન



પાલનપુર, તા.૧૭

બનાસકાંઠાના વડગામમાંઆજે ફરીથી મતદાન થઈ રહ્યું છે લોકોમાં ફરીથી મતદાન કરવાનોઅનેરોઉત્સાહ જોવા મળી રહ્યો છે. મતદાન સમયે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટેમોટાપ્રમાણમાંસુરક્ષાકર્મીઓ તૈનાત કરી દેવાયા છે.

આજે બનાસકાંઠાની વડગામ વિધાનસભાના છનિયાણા ગામમાં ફરીથી મતદાન થઈ રહ્યુંછે સવારથી જ મતદાન કરવા માટેલોકોની લાંબી લાઈનો જોવા મળી રહી છે લોકોમાં મતદાનને લઈનેઅનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આજે પુનઃ મતદાન થઈ રહ્યું છે ત્યારે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે તંત્ર દ્વારા તમામ પ્રકારની તૈયારીઓ કરી દેવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે ૧૪ મીએ થયેલા મતદાનમાં છનિયાણા ગામમાં મતદાન વખતે ગામ લોકોએ ફરિયાદ કરી હતી કે ઈવીએમ મશીન આગળ બ્લ્યૂ માર્કર પેનથી ઉમેદવારના આગળ નિશાન કરવામાં આવ્યું છે જેને લઈને ગામ લોકોએ હોબાળો મચાવ્યો હતો અને ચૂંટણી અધિકારી સહિતનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને મતદાન સ્થગિત કરવામાં આવ્યું હતું અને ફરીથી મતદાન યોજવા ગામ લોકોએ ચૂંટણી અધિકારીને અરજી કરી હતી જેને લઈને આજે ફરીથી છનિયાણા ગામે મતદાન થઈ રહયું જેમાં ગામના ૧૯૨૦માં મતદાતાઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

મતદાન ૮ વાગ્યા થી લઈને સાંજે ૫ વાગ્યા સુધી મતદાન કર્યું હતું જેમાં કોઈ બીજી વાર વોટીંગ ન કરે અને કોઈ ભૂલ ન થાય તે માટે મતદાતાના ડાબા હાથની બીજા નંબરની આંગળી ઉપર શાહીનુંનિશાન કરવામાં આવશે. આ અંગે ચૂંટણી પંચમાં ફરિયાદ કરનાર ભાજપ ના ઉમેદવાર વિજય ચક્રવર્તીએ પણ ચૂંટણી પંચના નિર્ણયને આવકાર્યો હતો.

છનિયાણા ગામમાં આજે ફરીથી મતદાન થઈ રહ્યું છે ત્યારે તંત્ર કોઈ ચૂક ન થાય તે માટે તમામ પ્રકારની ચોકસાઈ વર્તી રહી છે ત્યારે ઉમેદવારો પણ કોઈ ગરબડી ન થાય તે માટે બાઝ નઝર રાખી રહ્યા છે .

# મહેસાણામાં ત્રણ બુથની ગણતરી વીવી પેટથી ગણાશે

મહેસાણા, તા. ૧૭

મહેસાણા જિલા સહિત સમગ્ર ગુજરાતમાં આવતીકાલે મતગણત્રી કરવામાં આવશે પરતું તંત્રની બેદરકારી અને ભૂલના કારણે આવતી કાલે મહેસાણાની ૩ બુથનું કાઉનટીંગ વિવીપેટ થકી મહેસાણામાં ગણવામાં આવનાર છે.

મહેસાણા જિલ્લાની સાત વિધાનસભા બેઠક પૈકી વિસનગરના રાલીસણાના બુથ નંબર-૩ તથા બહુચરાજીના પીલુદરાના બુથ નંબર ૧ અને કટોસણના બુથ નંબર-૩માં મતદાનના દિવસે મોકપોલ બાદ કંટ્રોલ યુનિટમાંથી મોકપોલના મતો હટાવાયા ન હોવાની રજૂઆત થતાં ચૂંટણી પંચ દ્વારા આ ત્રણે બુથની મત ગણતરીમાં વીવીપેટની સ્લીપો ધ્યાને લેવા આદેશ કર્યો છે... જેમાં રાલીસણા ગામના બુથ નંબર-૩ તથા બહુચરાજી વિધાનસભાના પીલુદરા ગામના બુથ નંબર-૧ અને કટોસણ ગામના બુથ નંબર-૩ માં ગુરુવારે મતદાનના દિવસે ચૂંટણી સ્ટાફ દ્વારા કરાયેલા મોકપોલના મત કંટ્રોલ યુનિટમાંથી હટાવાયા ન હોવાની રજૂઆત જિલ્લા ચૂંટણી અધિકારીને કરાઈ હતી. તે મતે રમેશ મેરજા અધિક કલેકટર એ જણાવ્યું હતું.

# કોંગ્રેસ દ્વારા પક્ષ વિરુધ્ધ પ્રવૃત્તિ કરનાર તલોદના એસ.કે ઝાલા સસ્પેન્ડ

પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાનાં તલોદ ખાતે રહેતા એસ.કે. ઝાલા ને કોંગ્રેસ પક્ષ દ્વારા કોંગ્રેસ પક્ષ વિરુધ્ધ જાહેરમાં શિસ્ત ભંગ કરતા કોંગ્રેસ પક્ષ દ્વારા છ વર્ષ માટે પક્ષ માંથી સસ્પેન્ડ કર્યા.

પ્રાંતિજ- તલોદ ૩૩ વિધાનસભાની તાજેતરમાં યોજાયેલ ચુંટણીમાં સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપ પ્રમુખ અને મહેસાણા વિધાનસભાના પ્રભારી સજજનસિંહ કાળુસિંહ ઝાલા તેવાના ભાઈ રાજેન્દ્રસિંહ ઝાલા કે જેવો એનસીપી અપક્ષમાંથી ચુંટણી લડે છે તેમને ચુંટણીમાં સક્રિય મદદ કરી હોવા તથા પોતે કોંગ્રેસના જિલ્લા પ્રમુખ હોવા છતાં તથા મહેસાણા જિલ્લાના પ્રભારી હોવા છતાં જાહેરમાં પ્રચાર કરવાને લઈને કોંગ્રેસ પક્ષમાંથી ચુંટણી સંકલન સમિતિ ચેરમેન બાલુભાઈ પટેલ દ્વારા એસ.કે.ઝાલાને પક્ષ માંથી છ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા.

### સોમવતી અમાસ કોને ફળશે...

# આજે અરવલ્લી જિલ્લાની વિધાનસભાની ત્રણે બેઠકો પર ઉમેદવારોના ભાગ્યનો ફેંસલો


## કોંગ્રેસ-ભાજપ બંનેનો છેલ્લી ઘડી સુધી જીતનો વિશ્વાસ : ચૂંટણી તંત્રની મતગણતરી માટે સજ્જ

મોડાસા, તા.૧૭

રાજય વિધાનસભાની ચૂંટણીઓ ને લઈને છેલ્લા કેટલાક દિવસો થી વર્તાતી ઉત્તેજના અંત ૧૪ ડિસેમ્બરે આવ્યા બાદ જિલ્લાની ત્રણ વિધાનસભા બેઠકો માટે નજર મંડાઈ રહી છે.

અરવલ્લી જિલ્લાની મોડાસા-ધનસુરા,બાયડ-માલપુર અને ભિલોડા-મેઘરજ વિધાનસભા બેઠક ની મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આજે મોડાસા-શામળાજી ત્યારે ત્રણે બેઠકો પર કોનો દાવો સાચો પડશે તે પણ સામે આવી જશે.

અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર અને ચૂંટણી તંત્ર સજજ બન્યું છે મતગણતરી માટે ૩૦૦ જેટલા




૬૯.૧૯ જેટલું મહત્તમ મતદાન કરીને ૨૧ ઉમેદવારોના ભાવિને ઈવીએમ માં સીલ કર્યા બાદ ૪ દિવસના વિરામ બાદ આજે ફરીથી જિલ્લામાં સોમવતી અમાસ કોને ફળી તે નક્કી થઈ જશે આજે મોડાસા સરકારી ઈજનેરી કોલેજ ખાતે થનાર ઉત્તોજનાસભર મતગણતરી વચ્ચે ભાજપ-કોંગ્રેસ બંને ના વિજયી દાવાઓ વચ્ચે કોનો દાવો સાચો પડ્યો તેની તરફ સૌની રોડ પર આવેલી સરકારી ઈજનેરી કોલેજ ખાતે મત ગણતરી હાથધરવામાં આવશે મતગણતરી ના સ્થળે વહેલી સવારથીજ ત્રણે બેઠકોના ઉમેદવારો અને તેમના ટેકેદારોના ટોળેટોળા વાહનો સાથે ઉમટી પડશે એ સંભાવનાને ધ્યાને રાખી કોઈ અનિચ્છનીય ઘટના કે અડચણ ઉભી ના થાય તે માટે જિલ્લા પોલીસ તંત્ર નો મોટો કાફલો ઘટનાસ્થળે ખડકી દેવામાં આવશે કર્મચારીઓ મતગણતરી ક્લાસ વન અધિકારીની સીધી દેખરેખ હેઠળ કરવામાં આવશે એક સ્ટ્રોંગ રૂમ માં ૧૪ ટેબલ પર ઈવીએમ-વીવીપેટ મશીનો અને ૧ ટેબલ પર પોસ્ટલ બેલેટ પેપરની ની ગણતરી હાથધરવામાં આવશે ચૂંટણી તંત્ર દ્વારા ગણતરીના સ્થળે અદ્યતન મીડિયા સેન્ટર ઉભુંકરી દરેક ૩૦ સેકન્ડ પછી ગણતરી ની તમામ માહિતી લોકો સુધી પહોંચાડવામાં આવશે.

# આજે બાસણા મરચન્ટ એન્જિનીયરીંગ કોલેજ ખાતે મતગણતરી

મહેસાણા, તા.૧૭

મહેસાણા જિલ્લાની વિધાનસભા ચૂંટણી ૨૦૧૭ની મતગણતરી ૧૮ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ મર્ચન્ટ એન્જીનીયરીંગ કોલેજ બાસણા ખાતે થનાર છે. જેમાં મતગણતરી સરળ અને શાંતિપૂર્ણ રીતે સંચાલન થાય અને તેમાં કોઈ પણ અવરોધ પેદા થાય નહી તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજા દ્વારા સુચારૂ આયોજન માટે વિવિધ આદેશો બહાર પાડ્યા છે.જેમાં ડાયવરજન સહિત તમામ બાબતો પર ચુંટણી અધિકારી એ ખાસ દયાન આપ્યું છે .જ્યારે વાહન ચાલકો ને ભારે તકલીફ નો સામનો કરવો પડી શકે છે.

મતગણતરી કેન્દ્રના ૧૦૦ મીટરની ત્રિજયામાં મોબાઈલ સહિતના વિજાણુંસાધનો લાવવા પર પ્રતિબંધાત્મક આદેશ,મતગણતરી કેન્દ્રના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતાં વધુ માણસો બિન અધિકૃત રીતે ભેગા થવા પર પ્રતિબંધ



કર્યો છે. તેમજ ટ્રાફિકની વ્યવસ્થા જળવાય તે માટે ડાયવર્ઝન સહિતના આદેશ કર્યા છે. જેમાં મોટા ભારે વાહનો જે મહેસાણા શહેરથી વિસનગર આવતા હોય તેઓએ વિસનગરથી મહેસાણા આવતા મોટા ભારે વાહનો વિસનગર થઈ કમાણા થઈ મગરોડા થઈ ઉદલપુર થઈ રામપુરા ચોકડી થઈ માનવ આશ્રમ જશે. જેના કારણે ભારે માનવ આશ્રમ થઈ રામપુરા ચોકડી થઈ ઉદલપુર થઈ મગરોડા-કમાણા થઈ વિસનગર જશે. તેમજ વાહન ચાલકોને ૧૦ કિમી લાંબો રૂટમાં ફરીને જવું પડશે. તેવી જ રીતે નાના વાહનો તથા એસ.ટી બસોના રૂટ મહેસાણા શહેરથી વિસનગર માનવ આશ્રમ ચોકડીથી દેલા હાઈવે બસ સ્ટેન્ડ થઈ દેલા ગામ,બાસણા ગામે,બાસણા હાઈવે બસ સ્ટેન્ડથી કંસારાકુઈ થઈ વિસનગર જશે તેમજ નાના વાહનો એસ.ટી બસોના રૂટ વિસનગર થઈ કંસારાકુઈ, બાસણા હાઈવે બસ સ્ટેન્ડ, બાસણા ગામ, દેલા હાઈવે બસ સ્ટેન્ડથી માનવ આશ્રમ ચોકડી જશે. તેમ રમેશ મેરજા ડેપ્યુટી કલેકટર મહેસાણા એ જણાવ્યું હતું. મહેસાણા જિલ્લામાં મતગણતરી બાસણા એન્જીરીંગ કોલેજ ખાતે થનાર છે. જેમાં પ્રથમ માળ, બીજો માળ અને ત્રીજા માળે વિવિધ વિધાનસભાના મતગણતરી કેન્દ્રો રાખવામાં આવ્યા છે. જે જોતા દરેક વિધાનસભાનું પરિણામ ખુબ ઝડપી આવી જશે અને ઉમેદવાર સહિત તેના ટેકેદારો ને રાહ ન જોવી પડે તેવું આયોજન થનાર છે જ્યારે ભારે વાહન ચાલકોને તકલીફ નો સામનો કરવો પડશે તો તંત્રને આશા છે કે મત-ગણતરી સાતે વિધાનસભા મેહસાણાની ૧૨ વાગ્યા સુધી જાહેર થશે.

# ૮ પિસ્તોલ, ૧ રિવોલ્વર તેમજ ૧૨ કાર્ટિઝ સાથે પાંચ ઝડપાયા

અમદાવાદ, તા.૧૭

અમદાવાદ શહેર ક્રાઈમબ્રાંચના અધિકારીઓએ આજે એસ.જી.હાઈવે પર છારોડી પાટિયા પાસેથી ગેરકાયદે હથિયારોનો વેપાર કરવાના ગુનાહિત ષડયંત્રમાં પાંચ આરોપીઓને રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓ પાસેથી આઠ પિસ્તોલ, એક રિવોલ્વર અને ૧૨ કાર્ટિઝ સહતિના હથિયારોનો જથ્થો જપ્ત કર્યો હતો અને વધુ તપાસ હાથ ધરી હતી.



માલપુરના ઘોડાવાડ ફળિયામાં આવેલ અને સ્વામિનારાયણ સંપ્રદાય ના પવિત્ર ગ્રંથ સતસગી ભૂષણ ના રચયિતા અને ભગવાન સ્વામિનારાયણે જેમની આરતી ઉતારી હતી એવા માલપુરના જ વતની વાસુદેવ બ્રહ્મચારીના જન્મ સ્થાન પર નિર્માણ પામેલ સ્વામિનારાયણ મંદિરનો ૧૭ પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો જેમાં પાટોત્સવના મુખ્ય યજમાન નવીન ભાઈ પટેલ નરોડા અમદાવાદ વાળાએ ભગવાનનું ષોડ ઉપચાર વડે પૂજન કરી ભગવાનનો પંચામૃતથી અભિષેક કર્યો હતો અને ભાગવાની આરતી કરી ભગવાનને થાળ ધરાવવામાં આવ્યો હતો આ પાટોત્સવ માં મોટી સંખ્યામાં હરિભક્તો એ દર્શન પ્રશાદનો લાભ લીધો હતો. આ સ્થાન સ્વામિનારાયણ સંપ્રદાયનું યાત્રાધામ તરીકે પ્રખ્યાત છે.

## ડીસામાં બંધ મકાનમાં ઘરફોડ ચોરી

બનાસકાંઠામાં ચૂંટણીનાં માહોલ વચ્ચે સક્રિય થઈ ગયેલી તસ્કર ટોળકી ચોરીની ઘટનાઓને અંજામ આપી રહી છે.ગઈરાત્રે ડીસા શહેરના ઉન્નતિ પાર્કના એક બંધ મકાનમાં પણ ચોરીની ઘટના નોંધાઈ છે .ઉન્નતિ પાર્કમાં રહેતો મહેશ્વરી પરિવાર મંગળવારે પૂજા માટે અંબાજી ગયો હતો ત્યારે અજાણ્યા તસ્કોરો આ પરિવારના બંધ મકાનને નિશાન બનાવી ઘરમાં પડેલા સોના ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.આ ઘટનાની જાણ થતાં ડીસા ઉત્તર પોલીસની ટીમ સાથે ડી.વાય.એસ.પી. હરદેવસિંહે તુરંત ઘટના સ્થળ પર દોડી જઈ તપાસની તજવીજ હાથ ધરી હતી.પોલીસે ડોગ સ્કોડ ની મદદ લઈ તસ્કરો ની શોધ ખોળ હાથ ધરી છે.

# પ્રાંતિજ પોલીસે ત્રણ બાઈક સાથે બે બાઈક ચોર પકડી પાડ્યા

## પુછપરછ બાદ દલપુર અને બે બાઇક હિંમતનગરથી ચોરી કરી હોવાનું કબુલાત કરી : પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી

પ્રાંતિજ, તા.૧૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના કાટવાડ પાસેથી પ્રાંતિજ જીતેન્દ્રસિંહ, દિપસિંહ, વિક્રમસિંહ વગેરેની ટીમ બનાવી કાટવાડ ખાતે જઈને તપાસ હાથ ધરી હતી. રહે.દલપુર તા.પ્રાંતિજ તેમજ બીજાનું નામ હિંમત ઝાલારામ મારવાડી હોવાનું જાણવાં મલ્યુ હતું



પોલિસે ચોરીના ત્રણ બાઈકો સાથે બે આરોપીઓને પકડી પાડ્યા અને ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરી.

પ્રાંતિજ પોલિસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ પોલિસને મળેલ બાતમીના આધારે પ્રાંતિજના કાટવાડ પાસે એક ઈસમ ચોરીનું બાઈક વેચવા માટે આવવાનો હોઈ પ્રાંતિજ પોલિસ સબ.ઈન્સપેકટર પરમાર તથા પો.સબ.ઈન્સપેકટર ગજ્જર તથા પોલિસ હેન્ડ કોન્સ્ટેબલ

બે ઈસમો ચોરીના બાઈકો સાથે વેચાણ કરવા આવેલ હતાં અને બન્ને ઈસમો પાસે બાઈકના કાગળો સહિતની પુછપરછ કરવામાં આવતાં તેવો ભાગી પડ્યા હતાં અને તેવો કોઈ આધારભૂત પુરાવા રજુ ના કરતા બન્ને ને પકડી ને પ્રાંતિજ પોલિસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યા હતા અને વધુ પુછપરછ હાથધરવામા આવી હતી તો એકનું નામ મનોજ ઉર્ફે જીલીઓ જગતસિંહ ચૌહાણ તો એક બાઈક બે દિવસ પહેલાં અંબુજા કંપની દલપુર પાસેથી ચોરી કરવામાં આવ્યું હતું તો બીજી બાઈક ગઢોળા ગામેથી ચોરી કર્યુ હોવાનું જણાવ્યું હતું તો ત્રીજું બાઈક હિંમતનગર અંબર સિનીમા પાસેથી ચોરી કર્યુ હોવાનું કબુલાત કરી હતી તો પ્રાંતિજ પોલિસે ચોરીના બાઈક સાથે બેની અટકાયત કરી વધુ પુછપરછ સહિત આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

સ્વરૂપ આપવાના પ્રયત્ન માત્ર જ આવા પાયા વિહોણા આક્ષેપો યુવક તથા તેના કુટુંબીજનો સામે કરેલ છે. યુવતી પુખ્ત ઉંમરની છે યુવક પણ ૧૮ વર્ષનો હોવાથી પુખ્ત છે પરંતુ લગ્ન કરવા માટે કાયદાકિય રીતે સક્ષમ નથી હાલમાં બન્ને સાથે રહેવા માંગતા હોય પુખ્ત ઉંમરની વ્યક્તિ પછી ભલે તે યુવક યુવતી હોય તે એકબીજા સાથે રહી શકે છે તેમાં કાયદો અવરોધ રૂપ બની શકે નહિ પરંતુ લગ્ન ના કરી શકે તેમને લીવ એન્ડ રીલેશનમાં સાથે રહેતા કાયદો કે કુટુંબીજનો અટકાવી શકે નહિ તેથી તેમને સાથે રહેવાની પરવાનગી આપી તેમને જયાં જવું હોય ત્યાં પોલીસ પ્રોટકશનમાં મુકી આવવા નામદાર કોર્ટે હુકમ કરી અરજદારની હેલીયર્સ કોપર્સની અરજ રદ કરવા હુકમ કરેલ છે. લગ્નની ઉંમર ના હોય પરંતુ પુખ્ત હોય તો યુવક યુવતીને સાથે રહેતા કાયદો કે કુટુંબીજનો રોકી શકે નહિ.

## અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

મુખ્ય મંત્રી બનાવ્યા તો ખરા પણ એમણે તો કોંગ્રેસને ખાડે લઈ જવાનો વિક્રમ સ્થાપ્યો.૧૮૨માંથી કોંગ્રેસને માત્ર ૩૩ બેઠકો મળી.ચીમનભાઈના જનતાદળને ૭૦ અને ભાજપને ૬૭ બેઠકો મળી હતી એટલે ચીમનભાઈના નેતૃત્વમાં ફરી સરકાર બની.ક્યારેક એમને ચીમન ચોર ગણાવનાર જૂના જનસંઘી એટલેકે કેશુભાઈ પટેલ સહિતના ભાજપી નેતા એમની સરકારમાં મંત્રી બન્યા.સમય સમયની બલિહારી છે.

ઈન્દિરા ગાંધીની બિનલોકતાંત્રિક ઈમર્જન્સી દરમિયાન જેલવાસી રહ્યા છતાં મોરારજી દેસાઈ શ્રીમતી ગાંધી માટે પોતાની આત્મકથામાં પણ ખૂબ આદરપૂર્વક લખે છે. જોકે એમણે આત્મકથાના ત્રીજા અને અંતિમ ભાગમાં પોતાના જીવનના અનુભવોના અર્ક સમાન નોંધ્યું છે : “મને સમજાયું કે સરમુખત્યાર પોતાની તાકાત લોકોની નબળાઈમાંથી મેળવે છે.મારી દ્રષ્ટિએ તો સરમુખત્યારી બળોએ ફેંકેલા પડકારનો સામનો કેવળ નિર્ભયતાથી જ કરી શકે. લોકો સભાન પ્રયત્નો દ્વારા ભય પર કાબૂ ન મેળવે ત્યાં સુધી લોકશાહી પદ્ધતિ ટકી શકે નહીં - એને મજબૂત કરવાની વાત તો બાજુએ રહી. લોકશાહીમાં વિરોધ પક્ષોએ જે મહત્વનો ભાગ ભજવવાનો છે તેણે હું આ દ્રષ્ટિએ જ મૂલવું છું.જેઓ જનતાના લોકશાહી હક ને સ્વતંત્રતાને ટકાવી રાખવાની પોતાની ફરજ વિશે જાગ્રત છે તેઓ જ વિરોધ કરવાના પોતાના મૂળભૂત હકનો સફળતાપૂર્વક અમલ કરી શકે.” માત્ર ગુજરાતની જ નહીં, દેશ અને દુનિયાની પ્રજાએ પણ આ મહાન ગાંધીવાદીની આ વાતને ગૂંજે બાંધવા જેવી છે.

- haridesai@gmail.com
(Election : Miracles15-12-2017)


## મોતીપુરામાં હનુમાનજી મંદિરેથી બાઈક ચોરાયુ

આગીયોલ ગામના વિજયભાઈ મનહરભાઈ વણકરે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૮ ડીસેમ્બરના રોજ તેમને બાઈક નં. જીજે.૨. બીજી. ૧૧૬૫ને હનુમાનજી મંદિર આગળ પાર્ક કર્યુ હતુ. જ્યાંથી અજાણ્યો શખ્સ રૂ. ૧૫ હજારની કિંમતના બાઈકની ચોરી કરી ભાગી ગયો હતો. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા વિજયભાઈ વણકરે મંગળવારે અજાણ્યા શખ્સ વિરૂદ્દ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# ગમે એટલીવાર મતદાન કરાવી લો ભાજપ હારશે : જીગ્નેશ મેવાણી

અમદાવાદ, તા.૧૭

આવતીકાલે જયાં એકતરફ રાજય વિધાનસભાની ૧૮૨ બેઠકો માટેના પરિણામો જાહેર કરવામા આવનાર છે આ અગાઉ દલિતનેતા જિજ્ઞેશ મેવાણીએ વડગામ બેઠકના એક બુથ ઉપર આજે ફેરમતદાન કરાવવાના પંચના નિર્ણય સામે આક્રોશ વ્યકત કરતા કહ્યુ કે,ગમે એટલીવાર ચૂંટણી કરાવી લો આ ચૂંટણી ભાજપ જીતવાનુ નથી.આ અંગે મળતી માહિતી અનુસાર, રાજયમાં આજે ટેકનીકલ કારણોસર છ મતદાનમથકો ઉપર ફેરમતદાન કરાવવાનો નિર્ણય લેવામા આવ્યો હતો.જેમાં વિરમગામમા બે,સાવલીમાં બે,વડગામ અને દસ્ક્રોઈના એક-એક બુથનો સમાવેશ થતો હતો.વડગામ બેઠક ઉપરથી ચૂંટણી લડી રહેલા જિજ્ઞેશ મેવાણીએ આ અંગે ઉગ્ર પ્રતિક્રિયા આપતા કહ્યુ કે,એકિઝીટ પોલના પરિણામ અનુસાર ગુજરાતમા ભાજપને બહુમત મળી શકે છે.જયારે કોંગ્રેસ બીજા નંબરે



રહેવાની ધારણા વ્યકત કરવામા આવી છે.દલિતનેતા જિજ્ઞેશ મેવાણીએ કહ્યુ કે,મેં જોયુ હતુ કે,૮થી ૧૦ મશીનોમા તકલીફ હતી અને અમે ઈચ્છીએ કે પ્રમાણિકતાથી ચૂંટણી થાય ભલે ગમે તે થાય,ભાજપ ચૂંટણી નહીં જીતે ગમે એટલીવાર મતદાન કરાવી લો.એકિઝીટ પોલ અંગે વાત કરતા કહ્યુ કે,એકિઝીટ પોલ બકવાસ છે.